# સંપાદકીય

## આતંકવાદ નહિ પત્રકારત્વ સામે પાકિસ્તાનની લાલ આંખ

આતંકવાદી નીતિરીતિના મામલે આખા વિશ્વમાં વગોવાઇ રહેલું પાકિસ્તાન હવે આ વમળમાંથી બહાર નીકળવા માટે ઘાંઘું થઇ ગયું છે. એક તરફ પાકિસ્તાનમાં સરકાર કરતાં વધુ પ્રભાવ અને સત્તા ધરાવતું સૈન્ય ભારતની સામે આતંકના શસ્ત્રને છોડવાનો કોઇ ઇરાદો ધરાવતું ન હોવાની છાપ ઉપસી ચૂકી છે ત્યારે રાજદ્વારી રીતે વિશ્વમાં એકલા પડી રહેલી પાકિસ્તાનની કહેવાતી ચૂંટાયેલી સરકાર હવે આતંકની સરકારી નીતિને ત્યજવા વિચારતી થઇ છે, પણ હંમેશાં લશ્કરથી દબાયેલા રહેલા પાકિસ્તાનના રાજનેતાઓ આ મામલે લાગણી વ્યક્ત કરવાથી વિશેષ કાંઇ કરી શકે તેવી સ્થિતિમાં ન હોય એ બાબત પણ હવે આખી દુનિયા જાણી ગઇ છે. ભારતની સર્જિકલ સ્ટ્રાઇક અને તેની સાથોસાથ વિશ્વમંચ પર રાજદ્વારી આક્રમણથી હેબતાઇ ગયેલા પાકિસ્તાનમાં સરકાર અને સૈન્ય વચ્ચે ગુપ્ત બેઠકોનો દોર ચાલી રહ્યો છે. આવી એક મહત્ત્વની બેઠકમાં આતંકના મામલે રાજનેતાઓએ સૈન્યની સામે લાગણી વ્યક્ત કરી તે અહેવાલ જાહેર કરનારા ત્યાંના એક અગ્રીમ અખબાર ધ ડોનના પત્રકાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઇ હતી. આમ, બદનામી અને એકલા પડી ગયાના દર્દની દવા શોધવા પાકિસ્તાન સરકારે આતંકને નિશાન બનાવવાને બદલે પત્રકારને નિશાન બનાવતાં વિશ્વમાં તેના સ્વાભાવિક રીતે જ ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સૈન્ય વચ્ચે આતંકના મામલે મતમતાંતર હોવાના આ અખબારી અહેવાલને વડાપ્રધાન નવાઝ શરીફે નકારી કાઢયો હતો. આટલું ઓછું હોય તેમ અહેવાલ આપનારા પત્રકાર સિરિલ અલમિડાને સરકારની મંજૂરી વગર દેશ છોડવાની મનાઇ કરતો આદેશ બહાર પાડયો. અલમિડાના નામને પાકિસ્તાનમાં એક્ઝિટ કન્ટ્રોલ લિસ્ટના વટહુકમમાં સમાવાયું તેથી તેમને દેશ છોડી જતા રોકવાની કાર્યવાહી થઇ શકે તેમ હતી અલબત્ત પાક મીડિયા અને વિશ્વવ્યાપી દબાણ પછી પાકિસ્તાને પારોઠના પગલાં ભર્યા અને અલમિડાનું નામ એક્ઝિટ કન્ટ્રોલ લિસ્ટમાંથી બહાર કાઢી દેવાયું. આમ તો પાકિસ્તાન અત્યારે વિશ્વમાં તેની સાખ બચાવવા હવાતિયાં મારી રહ્યંઅ છે. જે બેઠકનો અહેવાલ અલમિડાએ આપ્યો તેની વિગતો ખોટી ન હતી, પણ ધ ડોન જેવા અખબારમાં તે બહાર પડી ગઇ તેનાથી સરકાર અને સૈન્યને નીચાજોણું થયાની લાગણી જાગી હોઇ શકે છે.

એનેસ્થેસિયોલોજીસ્ટસ એસોસિએશન અમદાવાદ અને આઈએસએ સિટી બ્રાન્ચ દ્વારા વિશ્વ એનેસ્થેસિયા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીના ભાગરૂપે અમદાવાદનાં વિવિધ જાહેર બગીચાઓ અને હોસ્પિટલોમાં એનેસ્થેસિયા અંગેની જનજાગૃતિ લાવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો. આ ઉપરાંત એનેસ્થેસિયોલોજીસ્ટસ એસોસિએશન, અમદાવાદ દ્વારા શહેરની અને એચએલ મેડિકલ કોલેજમાં ફાયર બ્રિગેડનાં કર્મચારીઓને કાર્ડિયો પલ્મોનરી રીસશીટેશન અંગેની તાલીમ પણ આપવામાં આવી હતી. વિશ્વ એનેસ્થેસિયા દિને એનેસ્થેસિયોલોજીસ્ટસ એસોસિએશન, અમદાવાદનાં પ્રેસિડેન્ટ ડો. રસેશ દિવાન અને સેક્રેટરી ડો. ભદ્રેશ શાહે તથા એસોસિએશનનાં વિવિધ સભ્ય ડોકટરોએ લોકોમાં પ્રવર્તતી એનેસ્થેસિયા અંગેની ગેરસમજ દુર કરવાનાં પ્રયાસો કર્યા હતા. (૨૨-૧)

## MS ની ચૂંટણીમાં ભારે ઉત્સાહ, મત આપવા બુરખામાં આવી વિદ્યાર્થિનીઓ

**વડોદરાઃ**એમ.એસ.યુનિવર્સિટીની વિદ્યાર્થી સંઘની ચૂંટણી અંતર્ગત વીપી-યુજીએસની એક-એક બેઠક સહિતની વિવિધ ફેકલ્ટીના એફજીએસ, એફ.આર તથા સી.આરની ચૂંટણી માટે આજે શનિવારે સવારે ૧૦ વાગ્યાથી મતદાન શરૂ થયું છે જે બપોરે ૨ વાગ્યા સુધી ચાલશે. આજે ૩ વાગ્યાથી મતગણતરી યોજાશે. મતદાન માટે વિદ્યાર્થીઓમાં એટલો ઉત્સાહ છે કેટલીક વિદ્યાર્થિઓ બુરખો પહેરી પણ મતદાન કરવા આવી હતી. તો બ્લાઇન્ડ વિદ્યાર્થીઓએ પણ મતદાન કર્યું હતું. શુક્રવારે થયેલી ઝપાઝપી બાદ એનએસયુઆઇનો યુજીએસનો ઉમેદવાર હિતેશ બત્રા ઉઘાડા પગે ફરી રહ્યો છે.

મતદાન કરવા આવેલ એક વિદ્યાર્થીની ચક્કર આવી પડી જતી બેભાન બન્યો હતો જેને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલ ખસેડાયો છે. કોમર્સ ફેકલ્ટીમાં સૌથી વધુ મતદાન કરવા વિદ્યાર્થીઓનો ધસારો જોવા મળ્યો છે. જ્યારે સાયન્સ ફેકલ્ટીમાં મતદાન અધિકારીઓની ધીમી કાર્યવાહીને કારણે લાંબી લાઇનો લાગી અને વિદ્યાર્થીઓને મતદાન કરવા ખૂબ રાહ જોવી પડી. મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીઓના નામમાં છબરડા આવતા હંગામો થયો. આ દરમિયાન વિદ્યાર્થી સંગઠનોના કાર્યકરો વચ્ચે બોલાચાલીના બનાવો વચ્ચે પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે મતદાન થઇ રહ્યું છે.યુનિવર્સિટીમાં આજે એબીવીપી અને એનએસયુઆઇ સહિત ફેકલ્ટીમાં એફ.આર. સી.આર, એફજીએસ સહિતની બેઠકો જીતવા માટે નાનાં-મોટાં ગ્રૂપો માટે યોજાનારી ચૂંટણી પ્રતિષ્ઠાનો જંગ બનશે. તમામ પક્ષોએ વીપી-યુજીએસ સહિતની બેઠકો જીતવા માટે શામ, દામ અને દંડની નીતિ અપનાવી છે. તો બીજી બાજુ યુનિવર્સિટીમાં ૩૬૧૧૫ જેટલાં વિદ્યાર્થી મતદારો પૈકી ૩૦ હજાર મતદારોને કેન્દ્રમાં રાખીને મતદાન માટે બેલેટ પેપર તૈયાર કરાવ્યા છે. વિદ્યાર્થી મતદારો મતદાન કરી શકે તે માટે ૯૨ પોલિંગ બૂથ અને ૪૫ કાઉન્ટિંગ બૂથ ઊભા કર્યા છે. મતદાન મથકો પર શાંતિપૂર્ણ રીતે મતદાન થાય તેમજ કેમ્પસમાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે યુનિવર્સિટીના સત્તાધીશોએ સમગ્ર કેમ્પસને પોલીસ છાવણીમાં ફેરવી દીધું છે. જેમાં ડીસીપી-૨, એસીપી-૨, પીઆઇ-૧૦ અને પીએસઆઇ-૨૯ તથા ૩૧ મહિલા પોલીસ, કોન્સ્ટેબલ ૨૬૦ તથા એસઆરપીની ૮ સેકશન સહિતનો પોલીસનો મોટો કાફલો યુનિવર્સિટીના કેમ્પસમાં ખડકી દેવાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચૂંટણી માટે ઉભી કરાયેલી વ્યવસ્થામાં ભંગ કરનારાં તત્ત્વોને ડિટેઇન કરવાની યુનિવર્સિટીના સત્તાધીશોએ પોલીસને સૂચના આપી છે. યુનિવર્સિટીના સત્તાધીશોના આદેશ બાદ નોર્થ ડીસીપી ઝોન-૧નાં લીના પાટીલે સયાજીગંજ, ફતેગંજ અને રાવપુરાના ઇન્સ્પેકટરો સહિતના સ્ટાફને વિદ્યાર્થીઓનાં આઇકાર્ડ ચેક કરવાની સાથે સાથે સુરક્ષા જાળવવા માટે સૂચના આપી હતી.

## નવી સરકારનો નિર્ણયઃ ૧૨૫ ચો.મી. સુધી બાંધકામ માટે નહીં લેવી પડે મંજૂરી

**ગાંધીનગરઃ** ગુજરાત સરકારે વધુ એક પ્રજાલક્ષી નિર્ણય લીધો હતો. ગુજરાતના ડેપ્યુટી મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, ૧૨૫ ચો.મી. સુધીના વ્યક્તિગત મકાનના બાંધકામ માટે હવે ગુજરાતના લોકોને નગરપાલિકા કે મહાનગરપાલિકા પાસેથી બાંધકામની મંજૂરી લેવામાંથી મુક્તિ આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

નીતિન પટેલે જણાવ્યું હતું કે, એક માલિકીના ૧૨૫ ચોરસ મીટર સુધીના બાંધકામ વાળા રહેણાંકના વ્યક્તિગત મકાન બાંધકામ માટે નગરપાલિકા/ મહાનગરપાલિકા પાસેથી બાંધકામની મંજૂરી મેળવવામાંથી મુક્તિ આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. આ અરજદારોએ સક્ષમ અધિકારી દ્વારા મંજૂર કરેલા લે-આઉટ પ્લાનના સબ પ્લોટ કે બિલ્ડીંગ યુનિટમાં જીડીસીઆરને આધિન રહેણાંકના બિલ્ડીંગ પ્લાન લાયસન્સ ધરાવતાં એન્જીનિયર આર્કિટેક્ટ દ્વારા બનાવી અરજદાર અને એંન્જીનિયર-આર્કિટેક્ટની સંયુક્ત એફિડેવીટ સાથે બે નકલમાં સત્તામંડળને રજૂ કરી સત્તામંડળે સ્વીકારેલી પ્લાનની નકલ મેળવ્યા બાદ બાંધકામ શરૂ કરી શકશે.

નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું કે ફાઇનલ ટીપીમાં જેટલા સર્વે નંબર હશે તે તમામનું લિસ્ટ નગર નિયોજક કલેક્ટરને મોકલી આપશે જેથી આ તમામ નંબરો બિનખેતીના ગણવાના રહેશે. નવી પદ્ધતિ પ્રમાણે વિકાસ કે બાંધકામ પરવાનગી માટે હવે અરજદારે સ્થાનિક સત્તામંડળને અરજી કરવાની રહેશે જેમાં એફિડેવિટ સ્વરૂપે મિલકતની માહિતી જાહેર કરવાની રહેશે. સત્તામંડળ આ અરજીના આધારે કલેક્ટર પાસેથી વિગતોની ખરાઇ કરીને એનઓસી મેળવશે. કલેક્ટરે તમામ ખરાઇ પૂર્ણ કરીને ૩૦ દિવસમાં એનઓસી આપવાની રહેશે. આ એનઓસીના આધારે બાંધકામ કે વિકાસ પરવાનગી અપાશે.

જમીન એનએ કરાવવામાં સૌથી વધુ ભ્રષ્ટાચાર થાય છે. અત્યાર સુધીના નિયમ મુજબ ૯૦ દિવસમાં એનએની અરજી પર નિર્ણય લેવાનો હોય. પણ કલેક્ટર કચેરીમાંથી ૯૦ દિવસ વખતે જ કોઈને કોઈ વાંધા કાઢી અરજી નામંજુર થાય. પ્રક્રિયા ફરી કરવી પડે. એનએ કરાવવા સરેરાશ છથી ૧૨ મહિના થાય. પણ હવે આ ઝંઝટ નહીં રહે તેવી સરકાર આશા રાખે છે. વ્યક્તિગત રીતે ખેતીની જમીન ધરાવનારાને તો ફાયદો થશે જ. પણ ડેવલપર્સને ય એનએ ઝડપી થતાં પ્રોજેક્ટમાં ઝડપ આવશે, કોસ્ટ ઘટશે.

**સર્વે નંબર ટીપીમાં સામેલ હશે તો ૩૦ દિવસમાં બાંધકામને લીલીઝંડી**

- જમીન જૂની શરતની છે કે નહીં
- ભરવા પાત્ર પ્રિમિયમ ભરાયું છે કે નહીં
- અરજદાર જમીનનો કાયદેસરનો હક્કદાર છે કે નહીં
- જમીન પર કોઇ સરકારી લેણું બાકી છે કે નહીં
- બેન્ક લોન કે બોજા મૂક્ત ટાઇટલ ક્લીયર છે કે નહીં
- ટોચ મર્યાદા કે રીઝર્વેશન કે નિયંત્રીત પ્રકારની જમીન નથી
- જાહેર કે સરકારી મિલકત નથી

## શિક્ષક દિનની ઉજવણીમાં પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થિનીએ અભ્યાસ કરાવ્યો

**આણંદઃ**પ્રજ્ઞાચક્ષુ ભણી શકે છે તો ભણાવી પણ શકે છે. જ્ઞાન વહેંચવામાં આંખો ક્યાંય અડચણરૂપ બનતી નથી એ વાતને ધો.૧૦માં અભ્યાસ કરતી ક્રિષ્ણા જોષીએ સાર્થક કરી બતાવી છે. વિદ્યાનગરમાં આવેલી ગો.જો.શારદામંદિરમાં શુક્રવારે શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ધો.૧૦માં અભ્યાસ કરતી પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થિની ક્રિષ્ણા જોષીએ શિક્ષક બનીને ધો.૧૦ની ૬૦ વિદ્યાર્થિનીઓને અંગ્રેજીનો પાઠ ભણાવ્યો હતો. ક્રિષ્ણા જોષી પ્રજ્ઞાચક્ષુ હોવાનો એક ક્ષણ માટે પણ કોઇને અહેસાસ થયો નહોતો.

ધર્મજની જલારામ જનસેવા ટ્રસ્ટના પ્રવાસી શિક્ષક રાધાબેન પટેલે ક્રિષ્ણા જોષીને શિક્ષક બનવા માટે તૈયારી કરાવી હતી. રાધાબેન પટેલે જણાવ્યું હતું કે 'ક્રિષ્ણા પટેલને બ્રેઇનલિપીથી અંગ્રેજી વિષયના છઠ્ઠા યુનિટ વન્ડરફુલ ક્રિએશનનો પાઠ તૈયાર કરાવ્યો હતો. ક્રિષ્ણા મૂળ નડિયાદની વતની છે. હાલમાં વિદ્યાનગરમાં હોસ્ટેલમાં રહીને ગો.જો.શારદામંદિરમાં જ અભ્યાસ કરે છે. ધો.૧થી૯ સુધીનો અભ્યાસ તેણે અમદાવાદ મેમનગરની અંધકન્યાશાળામાં કર્યો હતો.

બ્રેઇનલિપીના સહારે ક્રિષ્ણાએ વર્ગખંડમાં ૬૦ વિદ્યાર્થિનીઓને અભ્યાસ કરાવ્યો હતો.' ક્રિષ્ણા જોષીએ જણાવ્યું હતું કે 'અગાઉ પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને મેં ભણાવ્યા હતા. પરંતુ ક્યારેય સામાન્ય વિદ્યાર્થીઓને ભણાવ્યા નહોતા. શિક્ષક બનવાની મને જાણ કરવામાં આવી ત્યારે હું થોડી નર્વસ થઇ હતી પરંતુ કલાસમાં ગઇ ત્યારે મને ભણાવવાની ખૂબ મજા આવી હતી. તેમજ વિદ્યાર્થિનીઓએ પણ મને સહકાર આપ્યો હતો. મારે ઉચ્ચ અભ્યાસ કરીને પ્રોફેસર બનવાની ઇચ્છા છે.' ક્રિષ્ણા જોષી શિક્ષક બનીને બ્રેઇનલિપીમાં તૈયાર થયેલી અંગ્રેજી વિષયની પુસ્તકમાંથી વાંચીને વિદ્યાર્થિનીઓને સમજ આપી રહી હતી. તેમજ વચ્ચે સવાલો પૂછીને વિદ્યાર્થિનીઓ સમજી રહી છે કે નહીં તેની ચકાસણી પણ કરી લેતી હતી.

શારદામંદિરના આચાર્યા રીટાબેન પટેલે જણાવ્યું હતું કે 'ક્રિષ્ણાનું ભાષા પર પ્રભુત્વ સારું છે. વાંચન કરવા સાથે વચ્ચે પ્રશ્નો પૂછીને વિદ્યાર્થિનીઓને જોડી રાખતી હતી.'

## વિકાસના પંથે છે ગુજરાતનું નાનકડું ગામ, આદર્શ ગ્રામ બનાવવાની સરંચપની ઇચ્છા

**ગરબાડાઃ**ગરબાડા તાલુકાની ગુંગરડી ગ્રામ પંચાયત હાલમાં વિકાસની વાટે છે. ટુંકા ગાળામાં જ આ પંચાયત વિસ્તારમાં જ વિકાસ કામો થતા ગ્રામજનો રાહત અનુભવી રહ્યા છે. ગુંગરડી ગ્રામ પંચાયતમાં ૯ જેટલા ફળીયાઓમાં છે. જેમાં ૩૦૧૧ની વસ્તી છે. ગુંગરડી ગ્રામ પંચાયતના સરપંચ બાલુભાઇ દ્વારા વિવિધ સરકારી યોજનાઓનો લાભ લઇ ગામમાં ૨૨ જેટલા નવીન આર.સી.સી. રસ્તા બનાવ્યા, પાટાકુંગરી તળાવ તથા ગ્રામ તળાવ ખાતે નવ જેટલા ઘાટ, મનરેગા યોજના હેઠળ ૧૪ લાખ ૫૬ હજારના ખર્ચે ગામમાં રાજીવ ગાંધી ગ્રામ પંચાયત ભવન સ્વચ્છ ભારત મીશન યોજના હેઠળ ૮૦ ટકા ઉપરાંત ગામમાં શૌચાલયો બનાવડાવ્યા અને લોકોને તેનો ઉપયોગ કરતા કર્યા.

ગામના તમામ ફળીયામાં જરૂરીયાત પ્રમાણે બોર વીથ મોટર, હેન્ડપંપ મુકાવ્યા તે સિવાય ગામનાં બાબા ઘોડાજા દેવનું મંદિર બનાવ્યું. ઉલ્લેખનિય છે કે ગરબાડા ગ્રામ પંચાયતમાંથી છુટ્ટી પડ્યા બાદ આ ગામના સરપંચે વિવિધ યોજનાઓનો લાભ લઇને પોતાના ગામને ગોકુળીયું ગામ બનાવવા માટેનો સંકલ્પ કર્યો છે.

## ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ માટે કલ્યાણ ખાતાએ બાંધેલી કન્યા શાળા અને છાત્રાવાસોનું મંત્રીશ્રીઓએ કર્યુ લોકાર્પણ

**વડોદરાઃ** સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી આત્મારામ ભાઇ પરમાર તથા ખેલ રાજયમંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ વિકસતી જાતિ કલ્યાણ ખાતા દ્વારા બાંધવામાં આવેલી આદર્શ નિવાસી કન્યા શાળા, કુમારો માટેના છાત્રાવાસ તેમજ કન્યાઓ માટેના છાત્રાવાસનું લોકાર્પણ કર્યુ હતું. અંદાજે રૂા. ૨૫ કરોડથી વધુ કિમતની સરકારી જમીન પર રૂા. ૧૩ કરોડથી વધુ રકમના ખર્ચે કરવામાં આવેલા આ નિર્માણથી વિકસતી જાતિ સમુદાયના ગરીબ પરિવારોના ૨૦૦થી વધુ દિકરા-દિકરીઓને વિનામૂલ્યે તમામ સુવિધાઓ સાથે શહેરી ઉચ્ચ શિક્ષણનો લાભ મળશે.

આ કાર્યક્રમમાં કુંવરબાઇનું મામેરૂ, સરસ્વતી સાધના યોજના તેમજ પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજનાના ત્રણસોથી વધુ લાભાર્થીઓને યોજનાકીય સહાયતાના આદેશપત્રોનું વિતરણ મંત્રીશ્રી તેમજ મહાનુભાવોએ કર્યુ હતું.મંત્રીશ્રી આત્મારામભાઇ પરમારે જણાવ્યુ હતું કે, વડોદરા અને અમદાવાદ સહિત રાજયના ૦૬ મહાનગરોમાં સમરસતા હોસ્ટેલ્સનું બાંધકામ પૂરું કરવામાં આવ્યુ છે જેના પગલે ગરીબ પરિવારોના સાત હજાર જેટલા વિદ્યાર્થીઓનું ઉચ્ચ શિક્ષણ સરળ બનશે. શિક્ષણનો ઉપયોગ સમાજના વિકાસ માટે કરવાનો અનુરોધ કરતા સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીએ જણાવ્યુ હતું કે ગરીબના દિકરા-દિકરીઓને શિક્ષિત કરવા રાજય સરકારે સંખ્યાબંધ યોજનાઓ અમલમાં મૂકી છે. વડોદરા જિલ્લામાં સન ૨૦૧૬-૧૭ના વર્ષમાં વિકસતી જાતિ પરિવારોની ૩૧૨૦ વિદ્યાર્થિનીઓને શાળામાં જવાની સરળતા માટે પ્રત્યેક રૂા. ૨૭૯૪ની કિમતની સાયકલ્સ સરસ્વતી સાધના યોજના હેઠળ આપવાનું આયોજન કરવામાં આવ્યુ તેનો ઉલ્લેખ કરતાં મંત્રીશ્રી રાજેન્દ્ર ત્રિવેદીએ જણાવ્યુ કે સરકારે શિક્ષણની વ્યાપક સુવિધાઓની વ્યવસ્થા કરી છે જેનો તમામ સમુદાયોએ લાભ લેવો જોઇએ. અધિક સચિવ અને વિકસતી જાતિ કલ્યાણ ખાતાના નિયામક શ્રી કે.જી.વણઝારાએ સહુને આવકારવાની સાથે વડોદરા જિલ્લા પ્રશાસનને વિકસતી જાતિઓના પરિવારો માટે આવાસ યોજનાઓના અમલ માટે સરકારી જમીન ફાળવવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટ, ધારાસભ્યશ્રીઓ સર્વશ્રી જીતુભાઇ સુખડિયા, મનીષાબેન વકીલ, મેયરશ્રી ભરતભાઇ ડાંગર, વુડા અધ્યક્ષશ્રી નારણભાઇ પટેલ, અલ્પ સંખ્યક નાણાં નિગમ ઉપાધ્યક્ષશ્રી ગનીભાઇ કુરેશી, અગ્ર સચિવશ્રી કમલ દયાણી, જિલ્લા કલેકટરશ્રી લોચન સેહરા, બક્ષીપંચના પદાધીકારીઓ, વાલીઓ, વિદ્યાર્થીઓ અને અધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## અણુ ઊર્જા વિષય પર નિબંધ લેખન સ્પર્ધા

ઉર્જાના મહત્વ અંગે જાગૃતિ પેદા કરવા અને પરમાણુ ઉર્જા સંબંધિત ગેરસમજો દુર કરવા રાષ્ટ્રીય સ્તરે યોજાતા અભિયાનના એક ભાગ તરીકે છાણી મોડેલ સ્કુલ , ગુજરાતમાં બાળકો માટે સ્વચ્છ અને ગ્રીન પર્યાવરણ વિશે નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કારાયું હતુ.

નિબંધ લેખન સ્પર્ધાનો વિષય અણુ ઉર્જા હતો અને તે ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા( ભારત સરકારનું ઉપક્રમ) વતી આયોજીત કરાઈ હતી.

આ સ્પર્ધામાં ૧૫૯ જેટલાં વિધાર્થીઓએ ભાગ લીધો હતો, વિધાર્થીઓની કામગીરીનો નિર્ણય પ્રતિષ્ઠિત વ્યકિતઓ દ્વારા કરવામાં આવેલ.

વિજેતા વિધાર્થીઓના નામ આ મુજબ છે, વિજેતા-૧ શોભા, ધોરણ ૭, વિજેતા -૨ જયશ્રી ધોરણ-૬

આ પ્રસંગે શાળાના આચાર્ય શ્રીમતી કાજલે જણાવ્યું હતું કે બાળકોની અભિવ્યકિ એ તેમની સર્જનાત્મકતાનો એક સંકેત છે. બાળકોએ ખુબ જ સુંદર રીતે ઊર્જાનું મહત્વ રજુ કર્યુ હતુ અને પરમાણુ ઉર્જા વીજળી ઉત્પાદન કેવી રીતે પર્યાવરણ માટે નુકશાનકારક નથી તે પણ દર્શાવેલ. તેમણે પર વિજેતા બાળકોને ઈનામો આપ્યા હતા. આ પ્રસંગે નિર્ણાયકોએ ભાગ લેનાર બાળકોના કાર્યની પ્રશંસા કરી અને જણાવ્યું હતું કે આનાથી બાળકોમાં વિજ્ઞાન અને ઉર્જા અંગેની જાગૃતિ વધશે. પરમાણુ, ઉર્જા અંગે જાગૃતિ પેદા કરવા માહિતી પ્રદ સામગ્રી વિજેતા બાળકો, શાળાના શિક્ષકો અને આચાર્યને વહેચવામાં આવી હતી. (૧૯-૧૦)

## કબડ્ડી વિશ્વકપ ૨૦૧૬ : દક્ષિણ કોરિયાનો ઈંગ્લેન્ડ સામે આસાન વિજયઃ જુથમાં ટોચ પર

અમદાવાદમાં રમાઈ રહેલી કબડ્ડી વિશ્વ કપ સ્પર્ધા ૨૦૧૬ના આ દસમાદિવસના મેચ ના બીજા મુકાબલામાં ઈંગ્લેન્ડ અને દક્ષિણ કોરિયા વચ્ચેની રસાકસીભરી મેચમાં દક્ષિણ કોરિયાએ ઈંગ્લેન્ડને ૫૬-૧૭ હરાવ્યું છે.

આરંભમાં જ ભારતને હરાવી અપસેટ સર્જનાર દક્ષિણ કોરિયા માટે સેમી ફાઈનલમાં નિશ્ચિત સ્થાન સાથે આ સળંગ જીત ખરાખરીના મુકાબલા માટે જુસ્સો વધારનારી બની રહેશે.

દક્ષિણ કોરીયાએ રેઈડરની ફિટનેસ ઉપરાંત વ્યુહાત્મક મુદ્દે ધ્યાન કેન્દ્રિત કર્યુ હતું. અગાઉના મુકાબલામાં રેઈડર્સનો બીજળીક વેગે પ્રતિકાર કરવામાં દક્ષિણ કોરિયાના ડીફએન્ડર્સ આરંભમાં કાચા પડ્યા હતા અને શરૂઆતના પોઈન્ટ ગુમાવવાનો વારો આવ્યો હતો એ ભુલ અહીં સુધારી લીધી હતી. પહેલા અંતરાલની શરૂઆતથી જ દક્ષિણ કોરિયા ૨૭-૪ થઈ આગળ હતું અને ઈંગ્લેન્ડ પહેલા અંતરાલ માં બે વાર ઓલ આઉટ થઈ ગયું હતું.

નિશ્ચિત દક્ષિણ કોરિયાએ નિયમિત છ ખએલાડીઓની જગાએ નવા ખેલાડીઓને અનુભવનો સ્વાદ ચાખવા મૈદાનમાં ઉતાર્યા હતા. આરંભથી જ ઈંગ્લેન્ડ સતત પ્રેશર પર રહ્યુ. સુપર ટેકલ અને ડુ એંન્ડ ડાય રેઈડસમાં ઈંગ્લેન્ડનુ ટીમવર્ક વેરણ છએરણ નજરેં ચડ્યું હતુ.

## પડતર માંગણીઓને લઈ આણંદ ખેડાના આશા વર્કરોની હડતાલ

**આણંદઃ**લઘુત્તમ વેતન-પેન્શન સહિત આંધળા ખાનગીકરણને પાછુ ખેંચવા સહિતની બાર જેટલી માગણીઓ સંદર્ભે નાણામંત્રી સાથે યોજાયેલી બેઠક નિષ્ફળ જતાં રાષ્ટ્રવ્યાપી જનરલ હડતાળમાં ગુજરાતભરની આંગણવાડી વર્કર હેલ્પરો, આશા હેલ્થ વર્કરો ફેસીલીએટરોએ એક દિવસની આણંદ-ખેડા જિલ્લાની બહેનોએ હડતાળનું શસ્ત્ર ઉગામી ભવ્ય રેલી કાઢી જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. ગુજરાત આંગણવાડી કર્મચારીઓ સંગઠન મહામંત્રી કૈલાસબેન રોહિતના જણાવ્યા મુજબ 'કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૧૧થી કાળઝાળ મોંઘવારી હોવા છતાં આંગણવાડી વર્કર, હેલ્પરોના વેતનમાં કોઇ જ વધારો કરાયો નથી. ગુજરાતમાં આંગણવાડી વર્કરોને માત્ર રૂ.૪૭૫૦ અને હેલ્પરને રૂ.૨૨૫૦ આપવામાં આવે છે. અને આશા વર્કરને માત્ર રૂ.એક હજાર અપાય છે. મુખ્યમંત્રી સમક્ષ વારંવાર રજૂઆતો કરવા છતાં પરિણામ શુન્ય આવે છે. તા.૧૮-૮-૨૦૧૬નાં રોજ નાણામંત્રી અરૂણ જેટલી સાથે યોજાયેલી બેઠકમાં વિવિધ માગણીઓ અને પડતર પ્રશ્નો સંદર્ભે રજૂઆત કરવામાં આવી હતી.

Edi:Chunilal S. Bhatt, Printer & Pub. : Mayur C. Bhatt, Place of Pub.: 201-2-8, Nandan Compllex,Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahmedabad-6 Place of Printing : Mahadev Offset, B-4 Ravi Estate, Rustam Mill Compound, Dudheshwar, Ahmedbada-4.

## જેટ એરવેઝ વાઈડબોડી એરબસ એ૩૩૦ શરૂ કરી સ્થાનિક કનેક્ટિવિટી વધારશે

**મુંબઈ,** ભારતની પ્રથમ પ્રીમિયર ઈન્ટરનેશનલ એરલાઇન જેટ એરવેઝે વિવિધ વ્યસ્ત સ્થાનિક રુટ પર વાઇડ-બોડી એરબસ એ૩૩૦ની સેવાઓ શરૂ કરવા સજ્જ છે, જે કનેક્ટિવિટીમાં નોંધપાત્ર વધારો કરશે અને વિમાનમાં શ્રેષ્ઠ અનુભવ પ્રદાન કરશે.

૩૦મી ઓક્ટોબરથી જેટ એરવેઝ મુંબઈ-દિલ્હી-મુંબઈ પર ૯૩બલ્યુ ૩૪૬/૩૬૨ અને દિલ્હી-કોલકાતા-દિલ્હી રુટ પર ૯૩બલ્યુ ૯૦૭/૯૪૬ સાથે તેની વાઇડ બોડી વિંગ્સનું વિસ્તરણ કરશે, જે આ ચાવીરૂપ ક્ષેત્રો પર તેની ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરશે. હકીકતમાં એ૩૩૦ની શરૂઆતથી ઝડપથી વૃદ્ધિ પામતા દિલ્હી-કોલકાતા-દિલ્હી રુટ પર જેટ એરવેઝની વર્તમાન ક્ષમતા લગભગ બમણી થશે.

સ્થાનિક ફ્લાઇટ્સ પર એ૩૩૦ની સેવા લેવાથી જેટ એરવેઝ તેના અતિથિઓને આંતરરાષ્ટ્રીય ધારાધોરણોને સમકક્ષ ઉડાનનો વૈભવી અને અનુકૂળ અનુભવ ઓફર કરવા સક્ષમ બનશે, જેમાં પ્રીમિયરમાં પ્રસિદ્ધ 'બેડ-ઇન-ધ-સ્કાય' લાઇ-ફ્લેટ બેડ અને અર્ગોનોમિકલી ડિઝાઇન સીટ સામેલ છે, જે ઇકોનોમી ક્લાસમાં વિસ્તૃત લેગરૂમની સુવિધા ઓફર કરે છે. અનુકૂળ સમય સાથે સંયુક્તપણે ફ્લાઇટની અંદર અનુભવ વધવાથી કોર્પોરેટ પ્રવાસીઓને રિફ્રેશ અને રિચાર્જ રહેવામાં મદદ મળશે.

મુંબઈથી સવારે ૦૭.૩૦ કલાકે દિલ્હી માટે ઉડાન ભરતી ફ્લાઇટ ૯૩બલ્યુ ૩૪૬ મહેમાનો માટે એ જ દિવસે સાંજે ૧૭.૪૫ કલાકે દિલ્હીથી ફ્લાઇટ ૯૩બલ્યુ ૩૬૨માં મુંબઈ પરત ફરવાની અનુકૂળતા ઓફર કરશે. (૧)

## અમદાવાદમાં સૌથી વિશાળ ફા (ફેશન @ અમન આકાશ) ફેશન શો સિઝન ૧નું આયોજન

**અમદાવાદ,** અમદાવાદમાં સૌથી વિશાળ ફા (ફેશન @ અમન આકાશ) ફેશન શો સિઝન ૧નું આયોજન અમન આકાશ પાર્ટી પ્લોટ, અમદાવાદ ખાતે ૧૫ અને ૧૬ ઓક્ટોબરના રોજ થયું. ગુજરાતને એક ફેશન હબ તરીકે સ્થાપિત કરવાના હેતુથી અને ડિઝાઈનર્સ અને મોડેલ્સને એક સારું પ્લેટફોર્મ પુરું પાડવાનો માટે આ આયોજન થયું.

ગુજરાત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પોતાની આગવી ઓળખ ધરાવે છે ત્યારે ગુજરાતના માન્ચેસ્ટર ગણાતા અમદાવાદના આંગણે આ શોના આયોજન દ્વારા ફેશન જગતના નામાંક્તિ ડિઝાઈનર્સ, મોડેલ્સ તેમજ પૂર્વ મિસ. ઈન્ડિયા સ્પર્ધકોને બોલાવીને ફેશનને એક નવી દિશામાં લઈ જવાનો પ્રયાસ હતો.

આકાશ અમન પાર્ટી પ્લોટના ઓનર મુન્નાભાઈએ જણાવ્યું હતું, 'અમદાવાદમાં ફેશન ક્ષેત્રમાં પ્રવૃત અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓ જેમકે એનઆઈડી, એનઆઈએફડી વગેરે આવેલી છે પરંતુ આજ દિન સુધી વિશ્વ કક્ષાનો કહી શકાય એવો ફેશન શો શહેરમાં કદાચ ક્યારેય યોજાયો નથી, આ જ વાતને ધ્યાનમાં રાખીને ફા ફેશન સિઝન ૧નું આયોજન કરવાનો વિચાર આવ્યો.'

ફા (ફેશન @ અમન આકાશ) ફેશન સિઝન ૧ના બે દિવસીય આયોજનમાં એસ્લે રેબેલો, દિગ્વિજય સિંહ, સ્ટાર જવેલરી, અનુજ શર્મા, દર્શી શાહ - ભાવીન ત્રિવેદી, શિલ્પા ચૌરસિયા, સત્યમ વાઘેલા વેરીએસન્સ જેવા નામાંક્તિ ડિઝાઈનરો વિવિધ ડિઝાઈન્સ રજૂ કરાયું . આ બે દિવસીય ફેશન શોની કોરિયોગ્રાફી ફેશન જગતના જાણીતા કોરિયોગ્રાફર અને શો ડિરેક્ટર ઉત્સવ ધોળકિયા દ્વારા કરાયું. (૧૯-૮)

## કબડ્ડી વિશ્વકપ – ૨૦૧૬; કેન્યાનો જાપાન પર સરસાઈથી રસાકસ્સીભર્યો વિજય

કબડ્ડી વિશ્વ કપ - ૨૦૧૬ની દસમા દિવસની રસ્સાકસી ભરેલી ત્રીજી મેચમાં કેન્યાએ જપાનને ૪૮-૨૭ થી હાર આપી હતી.આજે સેમી પ્રવેશમાં સ્થાન નિશ્ચિત કરવા આજની મેચ ઘણી નિર્ણાયક હતી.

એશિયન ગેમ્સમાં ચાર – ચાર વાર સેમી ફાઈનલમાં પ્રવેશી ચુકેલા અને એક વાર કાંસ્યપદક જીતી ચુકેલા જાપાનને બરોબરિયા હરીફ કેન્યાએ ૨૧ ના મજબુત માર્જિનથી હરાવી રોમાંચક વિજય મેળવ્યો છે. બરાબર ટકકરની મેચના પ્રથમ ચરણમાં જ કેન્યાએ જપાનને ગણતરીના સમયમાં પાતળી સરસાઈ મેળવી લીધી હતી.. અત્યાર સુધીની લીગ રમતમાં પલોટાયેલા કેન્યાએ રક્ષણાત્મક નીતિ અપનાવી હતી જેમાં તેણે અગાઉની મેચોમાં નિયમોની જાણકારી વગર કરેલી ભૂલોમાં આજે મહદઅંશે સુધારો જોવા મળ્યો હતો. વિશ્વ કબડ્ડી સ્પર્ધામાં કેન્યા પહેલી જ વાર પદાર્પણ કરી હોવા છતાં અનુભવ અને રમતના દાવપેચથી મામલે તેમણે ઘણી પાકટતા દર્શાવી હતી.. આજની મેચના સ્ટાર જેમ્સ ઓબીલોએ હાઈ ફાઈવ પૂરી કરી કેન્યાનું સ્કોર બોર્ડ ફરતું રાખવામાં સહાયરૂપ નીવડ્યા હતા.પહેલા અંતરાલમાં કેન્યા ૭ રેઈડ અને ૯ ટેકલ દ્વારા ૧૮ પોઈંટ મેળવી શક્યું હતું, ડિફેન્સમાં તેઓનું પ્રદર્શન ઝુઝારુ રહ્યું હતું જયારે ૬ રેઈડ અને ૭ ટેકલ પોઈંટ સાથે જપાન ૧૪ પોઈંટ સાથે ચાર પોઈંટ પાછળ હતું. આખી મેચમાં બીજા અંતરાલમાં બંને સરખી ટીમોની રમતથી આજની મેચ સ્પર્ધાના સૌથી વધુ અગિયાર સુપર ટેકલથી ભરપુર રહી હતી. કેન્યાએ કુલ ૨૮ ટેકલ અને ૧૪ રેઈડ પોઈંટ સાથે ઉત્તમ રમત દર્શાવી હતી.

બીજા અંતરાલમાં દબાણ હેઠળ આવેલું જપાન બીજીવાર ઓલ આઉટ થઇ ગયું હતું. આખી ટીમનો ડિફેન્સ નબળો રહ્યો હતો.જોકે છેલ્લી મિનિટોમાં જપાનના તકાનોએ સુપર રેઈડ કરી ત્યારે ઘણું મોડું થઈ ચુક્યું હતું.

આર.એચ. કાપિડયા ન્યુ હાઈસ્કૂલ દ્વારા શરદપૂર્ણિમાનાં દિવસે રાસ-ગરબાનું આયોજન કરીને ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી હતી . જેમા સ્કુલના વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા સ્કૂલના તમામ સ્ટાફ સભ્યોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

# ચીનને ડહાપણની દાઢ ફૂટી? અંતે ભારત- પાકિસ્તાનને શાંતિની કરી ઓફર

જૈશ-એ-મહંમદના આતંકી વડા મસૂદ અઝહરને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિબંધિત કરવાના મામલે ભારતને બબ્બે વાર વૈશ્વિક સ્તરે છોભીલું પાડ્યા પછી ચીનને ડહાપણની દાઢ ફૂટી લાગે છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે પ્રવર્તમાન તંગદિલીને હળવી કરવાની ચીને ઓફર કરી છે. ચીનની આ ઓફર આમ જોઈએ તો લાફો માર્યા પછીથી કોઈનો ગાલ પંપાળવા જેવી છે. વાસ્તવ એ છે કે ગોવામાં શરૂ થઈ રહેલી બ્રીક્સ દેશોની શિખર મંત્રણા પહેલાં ભારતની સામે નજર મિલાવીને વાત થઈ શકે તે માટે બેઈજિંગે ફેંકેલો આ નવો પાસો જ છે. પહેલાં મસૂદ અઝહર મામલે પોતે કશું કરી શકે તેમ નથી કહ્યા પછી એનએસજીમાં ભારતના પ્રવેશ મામલે ચર્ચાને અવકાશ છે તેમ જાહેર કરનારા ચીને હવે એક નવી અને અચરજ પમાડે તેવી ઓફર કરી છે. ચીને અગાઉ સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા સમિતિમાં ભારતના પ્રવેશ આડે મોટો અવરોધ નાંખી જ દીધેલો છે. તેણે વીટો વાપરીને ભારતની તકને નાકામ બનાવી દીધેલી છે. પાકિસ્તાન સાથેના પોતાના સંબંધોમાં તે જરાપણ મચક આપવા માગતું નથી. ભારત વિરોધી અને પાકિસ્તાનને મદદ કરતી હોય તેવી કોઈ પણ બાબતને ચીન સમર્થન આપતું રહ્યું છે. આતંકવાદના મામલે વૈશ્વિક સ્તરે અંગડાઈઓ લેતું ચીન જયારે પણ પાકિસ્તાન સાથે આતંકવાદને જોડવામાં આવતી વાત આવે ત્યારે મોં ફેરવી લેતું રહ્યું છે. ચીન એક તરફ આતંકવાદની વૈશ્વક સમસ્યા ગણાવી રહ્યું છે પણ તેના જનક એવા પાકિસ્તાન સામે પગલાં લેવાની વાતમાં કાયમ પારોઠનાં પગલાં ભરતું રહ્યું છે. મુદ્દો એ છે કે પાકિસ્તાન વિરોધી વલણ અપનાવીને ચીન કોઈપણ રીતે ભારતને સમર્થન આપવા માગતું નથી. હવે, આજ ચીન ભારતના પાકિસ્તાન સાથેના તંગ બની રહેલા સંબંધોમાં દરમિયાનગીરી કરવા માગે છે.

## કોરા રજુ કરે છે રોયલ વેડીંગ કલેકશન રિયાસત

મેન્સ હાઇ ફેશન ડીઝાઇનર અને ગ્રાહકો માટે ખાસ કલોથીગના અગ્રણી કોરા દ્વારા રોયલ વેડીગ કલેકશન - રિયાસતની રજુઆત કરવામાં આવી છે. ધ કોરા રોયલ ઇન્ડિયન વેડીગ લાઇન એ મહારાજાઓને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલ કલેકશન છે જે ખરેખર રોયલ લોકો પહેરતા અને સમકાલિન સમયમાં આજના પુરુષો માટે તૈયાર કરાયેલ છે.

ઝીણવટભરી એમ્બ્રયોડરી અને અદભુત વણાટ, ઉધમી હસ્તકલાકારીગીરી અને અભિભુત કરનાર કલર પટ્ટીકા છે.

કલેકશન વિશે નીલેશે જણાવ્યુ કે, અમે અમદાવાદ ખાતે અમારા લેટેસ્ટ વેડીગ કલેકશનને રજુ કરતા ખુબ જ આનંદિત છીએ.અમે ભારતનો રોયલ સદીઓનો પ્રભાવ અમારા રોયલ ગ્રાહકોને આપવા માગીએ છીએ.

આ ઇવેન્ટમાં મિતેષે જણાવ્યુ કે, આ ફકત વસ્ત્રો અને સજાવટ નથી. આ યાદો અને તમારો ઇતિહાસ બનાવવાનો છે.આ કલેકશન રોયલ ગેધરીગથી પ્રેરીત છે જેમા લાવણ્ય અને વાઇબ્રન્સી છે.-

## સોની દ્વારા BRAVIA KD-65 Z 9D સિરિઝ રજૂ કરવામાં આવી

**નવી દિલ્હી,** ટેલિવિઝનની ફ્યૂચને આગળ ધપાવીને સોની ઈન્ડિયાએ આજે નવી BRAVIA KD-65 Z 9D સિરિઝ રજૂ કરી છે. નવા યુગના આ ટેલિવિઝન ડીસ્પ્લે Z 9D સાથે આવે છે અને તે 4K HDR ઉત્તમ ટેકનોલોજી ધરાવે છે. ટીવી જોવાનો ઉત્તમ અનુભવ પૂરૂ પાડતું આ ફ્લેગશીપ મોડલ ડીપર બ્લેક અને બ્રાઈટર વ્હાઈટને કારણે જીવંત રંગ અને વિગત દર્શાવે છે.

નવી Z સિગ્નેચર એક કદમ આગળ વધીને ડીસ્પ્લે ટેકનોલોજી પર્ફેક્ટ ચોકસાઈ દર્શાવે છે. Z 9D સિરિઝમાં નવું ડેવલપ કરાયેલું 4K ઈમેજ પ્રોસેસર X1 Extreme અને અનોખી બ્લેક લાઈટ માસ્ટર ડ્રાઈવ ટેકનોલોજી ધરાવે છે, જે અત્યંત કોન્ટ્રાસ્ટ અને અત્યંત ચોકસાઈ દ્વારા કલર એક્સપ્રેશન રજૂ કરે છે. તે વધુ અસરકારક વિઝ્યુઅલ અનુભવ, ટેક્ચર અને અગાઉ કરતાં સ્ક્રીન પર વધારે રિયાલિઝમ પૂરૂ પાડે છે.

આ નવા ફીચર્સને કારણે પિક્ચર ક્વોલિટીમાં ચોકસાઈ વધે છે અને સોનીના વર્તમાન લાઈનઅપ પ્રિમિયમ 4K HDR ટીવી જેમાં ખૂબ વખણાયેલ X9300D & X9350D નો સમાવેશ કરાયો છે. (૧૯-૧)

## ઈન્ટરસોલાર ઈન્ડિયા ૨૦૧૬-વૃદ્ધી પામતી બજાર માટે વ્યાપક સંલગ્ન કાર્યક્રમ

**અમદાવાદ,** ભારત દુનિયામાં ઝડપથી વૃદ્ધિ પામતી સોલાર બજારમાંથી એક છે. મર્કોમ કેપિટલ ગ્રુપ અનુસાર ફોટોવોલ્ટેક(પીવી) ક્ષમતાના કુલ ૮.૧ ગિગાવેટ દેશમાં ઓગસ્ટ ૨૦૧૬ સુધી ઈન્સ્ટોલ કરી દેવાયા છે અને ૨૧ વધારાના જીડબ્લ્યુ પાઈપલાઈનમાં છે. આ આંકડા ઈનટરસોલાર ઈન્ડિયા યોજવા માટે આદર્શ સ્થિતિ પેજા કરે છે. ૧૯મી થી ૨૧મી ઓક્ટોબર સુધી આશરે ૨૩૦ પ્રદર્શનકારીઓ તેમની પ્રોડક્ટો અને સેવાઓ સોલાર ઉદ્યોગ માટે ભારતના આ સૌથી વિશાળ પ્રદર્શન અને કોન્ફરન્સમાં મુલાકાતીઓ સામે પ્રદર્શિત કરશે. આ સંખ્યા ગયા વર્ષની તુલનામાં ૧૫ ટકા વધુ છે. ઈન્ટરસોલાર ઈન્ડિયા કોન્ફરન્સ અને ઈઈએસ ઈન્ડિયા દ્વારા મુલાકાતીઓને લાગલગાટ બીજા વર્ષે ઈન્ટરસોલાર ઈન્ડિયા સાથોસાથ બેટરી સ્ટોરેજ ઉદ્યોગમાં નાવીન્યતા વિશે પણ પરિચિત કરાવવામાં આવશે.

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઊર્જાને ૨૦૧૫નાં આરંભમાં જ તેમની ચૂંટણી પછી ટોતની અગ્રતા જાહેર કરી હોવાથી સોલાર માર્કેટ ફૂલીફાલી છે. દેશમાં ઘણા બધા પ્રોજેક્ટોનો અમલ કરવામાં આવ્યો છે ત્યારે ઘણા બધા વધુ અમલ થવામાં છે અથવા નિયજનના તબક્કામાં છે. મર્કોમ કેપિટલ ગ્રુપ ૨૦૧૬ સુધી પીવી ક્ષમતાના વધારાના ૫ જીડબ્લ્યુ ઈન્સ્ટોલ કરવાની અપેક્ષા ધરાવે છે, જેથી સોલાર એનર્જી ભારતમાં નવીનીકરણક્ષમ ઊર્જામાં સૌથી ઝડપથી વૃદ્ધિ પામતું જનરેટર બની રહેશે. આ પ્રવાહ દુનિયાભરમાં સોલાર મોડ્યુલ્સનો ખર્ચ ઓછો થયો હોવાથી ગતિશીલ બન્યો છે. ફરી એક વાર ઈન્ટસોલાર ઈન્ડિયા ૨૦૧૬ તરફ આ સ્થિતિ દોરે છે અને તેથી તે વધુ આશાસ્પદ છે.(૧-૭)

## કબડ્ડી વિશ્વકપ ૨૦૧૬ : અમેરિકા સામે થાઈલેન્ડનો ભારે સરસાઈથી આસાન વિજય

અમદાવાદમાં રમાઈ રહેલી કબડ્ડી વિશ્વ કપ ૨૦૧૬ મેચના દસમા દિવસે આજે પહેલા મુકાબલામાં થાઈલેન્ડએ અમેરિકાને ૬૯-૨૨ થી હાર આપી. ગ્રુપ મ ના ટોપર ઈરાન અને કેન્યાને સારી ટક્કર આપી આ જીત સાથે થાઈલેન્ડએ સેમીનો મુકાબલો રસપ્રદ બનાવ્યો છે.

થાઈલેન્ડની જુસ્સાથી ભરપુર લબરમુછીયા ટીમની અમેરિકા સામેની રમત કૌશલ્ય સભર રહી હતી. સામે સમગ્ર સ્પર્ધામાં

અમેરિકાએ શારીરિક જ નહિ વ્યૂહ રચના મામલે પણ નિરાશાજનક દેખાવ કર્યો હતો જયારે થાઈલેન્ડએ બંને બાબતોના પરફેક્ટ મિશ્રણ અને સફળ ડિફેન્સ દ્વારા હરીફનો સામનો કર્યો હતો તેણે અમેરિકાને પહેલા અંતરાલમાં ત્રણ વાર ઓલ આઉટ કર્યું હતું.સમગ્ર મેચમાં અમેરિકા કુલ પાંચ વાર ઓલ આઉટ થયું હતું. રેઈડ પોઈન્ટ માટે ટીમ અમેરિકા કેપ્ટન ટ્રોય બેકન પર અવલંબિત હતી જેમણે ભારે નિરાશ કર્યા હતા.માત્ર બિસ્માર્ક ચાર્લ્સ એક રેઈડ પોઈંટ મેળવી શક્યા હતા. અમેરિકા પહેલા અંતરાલમાં માત્ર ત્રણ રેઈડ પોઈંટ મેળવી શક્યું હતું .થાઈલેન્ડ ટીમના મજબુત ડિફેંસે ઘણા પોઈન્ટ હરીફ પક્ષે જતા અટકાવ્યા હતા.પહેલા અંતરાલમાં થાઈલેન્ડએ ૪૦-૩થી સરસાઈ મેળવી લીધી હતી જેમાં ૨૫ રેઈડ પોઈંટ, ૭ ટેકલ પોઈંટ અને ૬ ઓલ આઉટ પોઈંટ હતા.

થાઈલેન્ડએ ફૂટવર્ક સુધારા સાથે અમેરિકાના ખેલાડીઓને મેદાનથી મહત્તમ સમય દુર રાખવાની જરૂર આજે વ્યવહારમાં ઉતારી હતી. એકલ ટેકલ ઘણા જોખમી હોય છે, જરૂરી હોય છે ટીમનું બેક અપ મળી જાય –અમેરિકાની આજની રમતનું આ લેસન હતું .અમેરિકા આજે તમામ પાસાઓમાં નિષ્ફળ રહ્યું હતું.૭ ટેકલ પોઈંટ અને ૧૫ રેઈડ સાથે અમેરિકાએ ૨૨ પોઈંટ મેળવ્યા હતા.

## એમઆરએફ ટાયર ટોક - ભારતમાં ટાયર અને વ્હીકલ કેરની નવી વ્યાખ્યા

**અમદાવાદ,** ભારતની વિશાળ ટાયર ઉત્પાદક એમઆરએફ દ્વારા આજે તેના બીજા એમઆરએફ ટાયરટોકનો પ્રારંભ કરવામાં આવ્યો, જે એમઆરએફ ટીએન્ડએસ અંબ્રેલા અંતર્ગતની પ્રિમિયમ સર્વિસ છે જેમાં ગ્રાહકોને વ્હીલ અલાઈનમેન્ટ તથા બેલેન્સિગની સુવિધા ઉત્તમ પ્રિસિઝન ઈક્વિપમેન્ટ દ્વારા આપવામાં આવે છે. આ સુવિધા એડવાન્સ વ્હીલ સેલ્સ એન્ડ સર્વિસ (એડવાન્સ વ્હીલ કેર પ્રાઈવેટ લિમિટેડનું યુનિટ), વાસુદેવ કોલોની, ભોલાભાઈ ચાર રસ્તા, બહેરામપુરા-જમાલપુર રોડ, બહેરામપુરા, અમદાવાદ-૩૮૦૦૨૨ ખાતે ઉપલબ્ધ છે. એમઆરએફ ટાયરટોક ખાતે કંપનીના તાલીમબદ્ધ એન્જિનિયર્સ એડવાન્સ્ડ ટાયર અને વ્હીકલ કેર ઈક્વિપમેન્ટ જેમકે રોબોટિક વ્હીલ અલાઈનર, વ્હીકલ સેફ્ટી ટેસ્ટ લેન, ડાયોગ્નોસ્ટિક વ્હીલ બેલેન્સર, એસી રિકવરી અને રિચાર્જિંગ, ઈલેક્ટ્રોનીક હેડલાઈટ અલાઈનરથી સજ્જ હોય છે. ટાયરટોક આ સાથે ટુવ્હીલર્સ કસ્ટમર્સને પણ વ્હીલ બેલેન્સિગ અને ટાયર ચેન્જિંગ સર્વિસીસ આપે છે. (૧૯-૮)

**SUMUKA AGRO INDUSTRIES LIMITED**
(formerly known as Superb Papers Limited)
CIN: L74110GJ1989PLC012410
Registered Office: Office No.15, 1st Floor, Sadguru Sanidhya Apartment, Satyasai Road, off Nana Mava Road, Rajkot- 360005
Tel. No: - 0281-3241537; Email: - sumukaagro@gmail.com; Website: - www.sumukaagro.com

**POSTAL BALLOT NOTICE**

Notice is hereby given pursuant to Section 110 of the Companies Act, 2013, read with Rule 22 of Companies (Management and Administration) Rules, 2014, as amended from time to time, that the Company is seeking consent of the Shareholders of the Company by means of Postal Ballot for shifting of registered office of the Company from Rajkot, Gujarat to Mumbai, Maharashtra.

Sending of e-mail or dispatch of Postal Ballot Notice and Postal ballot Form along with a self addressed reply envelope to all the Members whose name appeared in the Register of Members / Record of Depositories as on October 14, 2016 has been completed on or before October 17, 2016.

Members have an option to cast their votes either through e-voting or through Postal Ballot Form. The detailed procedure for e-voting is given in the Postal Ballot/e-mails sent to the members. E-voting and physical ballot for postal ballot process commences from October 20, 2016 at 9.00 a.m and shall ends on November 18, 2016 at 5.00 p.m. Members casting their votes through physical ballot form should submit duly completed Form such that the same should reach the Scrutinizer on or before 5.00 P.M on November 18, 2016. Any Postal Ballot received after this date and time will be treated as if no reply has been received from the Members.

M/s. Bhuwnesh Bansal & Associates, Practicing Company Secretary has been appointed as the scrutinizer for conducting the Postal Ballot in a fair and transparent manner.

A member may request Purva Sharegistry India Pvt Ltd, Registrar and Transfer Agent for a duplicate Postal Ballot Form, if required and can also download from website of the Company at www.sumukaagro.com

In case you have any queries/ grievances in relation to voting by postal ballot or e-voting the Members/ Beneficiary Owners may contact at the following address:

Purva Sharegistry India Pvt Ltd, Unit no. 9, Shiv Shakti Ind. Estt., J .R. Boricha Marg, Opp. Kasturba Hospital Lane, Lower Parel (E), Mumbai 400011, Tel: 91-22-23016761/8261, Email : busicomp@gmail.com or may also be addressed to the Company Secretary of the Company Ms. Suman Choudhary at 022 28614607 or can be forwarded at email sumukaagro@gmail.com.

The results of voting shall be announced on or before November 21, 2016. The result declared alongwith the scrutinizer's Report shall be placed on the Company's website www.sumukaagro.com for information of the members.

By order of the Board of Directors
For Sumuka Agro Industries Limited
(formerly known as Superb Papers Limited)
Sd/-
Paresh Thakker
Managing Director
DIN: 07336390

Place: Rajkot
Date: October 18, 2016

**RADHE DEVELOPERS (INDIA) LIMITED**
CIN: L45201GJ1995PLC024491
Regd. Office: 1st Floor, Chunibhai Chambers, Behind City Gold Cinema, Ashram Road, Ahmedabad-380009
Phone: +91 79-26583381 | Website: www.radhedevelopers.com |
E-mail: secretarial@radheinfra.com

NOTICE

Pursuant to Regulation 29 read with Regulation 47 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 (Listing Regulations), Notice is hereby given that a meeting of the Board of Directors of the Company is scheduled to be held on Tuesday, October 25, 2016, *inter alia*, to consider and approve unaudited financial results of the Company for the second quarter and half-year ended on September 30, 2016.

The said Notice may be accessed on the Company's website at www.radhedevelopers.com and may also be accessed on the Stock Exchange websites at www.bseindia.com.

Pursuant to this, the Company has decided that the close period (i.e. closure of trading window) would commence from 6.00 p.m. on October 17, 2016 and end 48 hours after the results are made public on October 25, 2016.

For **Radhe Developers (India) Limited**
Sd/-
**Mukesh Chaudhary**
**Company Secretary**

Place: Ahmedabad
Date: October 17, 2016

**સૂચના**

કૃપા કરી આપની જાહેરખબર તથા સમાચાર અમારા નિમ્નલિખિત ઈ-મેલ પર જ મોકલશો :
lokmitra1948@gmail.com